ગુજરાત પ્રદેશ ભાજપા

તા.૦૮ ઓક્ટોબર ૨૦૨૬

‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત અમદાવાદના વસ્ત્રાલ સ્થિત ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડિટોરિયમ ખાતે ‘MODI@25’ પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

વડનગરથી શરૂ થયેલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અવિરત સેવા યાત્રા આજે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં કરોડો દેશવાસીઓ માટે પ્રેરણા, વિશ્વાસ અને નવી ઊર્જાનો સ્ત્રોત બની છે
- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

‘MODI@25’ પ્રદર્શની માત્ર એક પ્રદર્શની નથી, પરંતુ સેવા, સંકલ્પ, સુશાસન અને રાષ્ટ્રનિર્માણની શ્રી નરેન્દ્રભાઇ મોદીની ૨૫ વર્ષની ગૌરવશાળી યાત્રાનું જીવંત દર્શન છે
- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં સેવા અને સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત અમદાવાદના વસ્ત્રાલ સ્થિત ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ‘MODI@25’ પ્રદર્શનીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષશ્રીએ હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની જનસેવા, સુશાસન અને રાષ્ટ્રસમર્પણની પ્રેરણાદાયી યાત્રાને પ્રદર્શનીના માધ્યમથી નિહાળી હતી.

આ પ્રસંગે તેમણે કહ્યું કે, વડનગરથી શરૂ થયેલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અવિરત સેવા યાત્રા આજે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં કરોડો દેશવાસીઓ માટે પ્રેરણા, વિશ્વાસ અને નવી ઊર્જાનો સ્ત્રોત બની છે. ‘MODI@25’ પ્રદર્શની માત્ર એક પ્રદર્શની નથી, પરંતુ સેવા, સંકલ્પ, સુશાસન અને રાષ્ટ્રનિર્માણની શ્રી નરેન્દ્રભાઇ મોદીની ૨૫ વર્ષની ગૌરવશાળી યાત્રાનું જીવંત દર્શન છે.
આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, સેવા સંકલ્પ અભિયાનના પ્રદેશ ઇન્ચાર્જ શ્રી બ્રિજેશભાઈ મેરજા, ધારાસભ્યશ્રીઓ સહિત ભાજપા આગેવાનો, અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત